# ભારતીય સાહિત્યમાં જૈન વાઙ્મયનું સ્થાન

(પ્રા. ડૉ. આર. પી. મહેતા)

' ભારતીય સાહિત્યને શણગારવામાં જૈન મહર્ષિઓએ આપેલો ફાળો અસાધારણ મહત્ત્વનો છે. જૈનાચાર્યોએ નહિ ખેડ્યો હોય તેવો એક પણ સાહિત્ય પ્રદેશ આપણને મળનાર નથી. અપૂર્વ પ્રતિભા, મહાન સર્જન શક્તિ અને આદર્શ વ્યાપી જીવનના ત્રિવેણી સંગમ રૂપ સાગરમાંથી એમણે વહાવેલી સાહિત્ય ભાગીરથી સાચે જ લોકહિતકર, પવિત્ર અને સુસ્વાદુ છે.' મુનિ વિક્રમવિજયજીનાં આ વિધાન સર્વથા યોગ્ય છે. જૈન સાહિત્ય સર્જકોએ સંસ્કૃતમાં રચેલું સાહિત્ય ભારતીય સાહિત્યમાં નિઃસંદેહપણે ગણનાપાત્ર સ્થાન ધરાવે છે.

સંસ્કૃત મહાકાવ્યોમાં જૈન પુરાણ કથા અને ઈતિહાસને કાવ્ય દેહ આપવામાં આવ્યો છે. કર્ણાટકનાં જૈન યતિ જટાસિંહ નન્દી (ઈ. ૭ મી સદી) 'વરાંગચરિત' માં વરાંગની જનશ્રુતિ ૩૧ સર્ગમાં આપે છે. દ્રાવિડ દેશનાં કનકસેન વાદિરાજ (ઈ. ૯૫૦) નું 'યશોધર ચરિત' ૪ સર્ગમાં છે. આ જ વિષય ધરાવતું આ નામનું બીજું મહાકાવ્ય માણિક્યસૂરિ ( ઈ. ૧૧ મી સદી) નું છે. કવિ હરિશ્ચન્દ્રના (ઈ. ૧૧ મી સદી) 'ધર્મશર્માભ્યુદય' મહાકાવ્યમાં ૨૧ સર્ગમાં તીર્થંકર ધર્મનાથનું ચરિત્ર છે. કાવ્ય હિન્દુ ધર્મશાસ્ત્રો અને પુરાણોમાંથી શ્રદ્ધા પૂર્વકના ઉલ્લેખો આપે છે. ગુજરાતના સિદ્ધરાજ જયસિંહના સભાકવિ વાગ્ભટ 'નેમિ નિર્વાણ' (ઈ.૧૧૪૦) માં ૧૫ સર્ગમાં તીર્થંકર નેમિનાથનું ચરિત્ર આપે છે. પુરાણની પરિપાટી અને મહાકાવ્યનું શાસ્ત્રીય સ્વરૂપ - બંને આમાં જળવાયા છે. આચાર્ય હેમચંદ્ર 'દ્વયાશ્રમ' (ઈ.૧૧૪૩) માં ૨૦ સર્ગમાં ચૌલુક્ય ઈતિહાસનાં જે પદ્યો આપે છે; તે વૈયાકરણસૂત્રોનાં ઉદાહરણો છે. ડૉ. ભગવત શરણ ઉપાધ્યાયનો અભિપ્રાય સાચો છે કે શાસ્ત્રકાવ્યની પરંપરામાં આ કાવ્યનું સ્થાન અપૂર્વ છે. વીર નન્દીનાં 'ચન્દ્રપ્રભચરિત' (ઈ.૧૩મી સદી) માં ૧૮ સર્ગમાં તીર્થંકર ચન્દ્રપ્રભુનું ચરિત્ર છે. આમાં ઈન્દ્રનું જિન તરીકેનું અવતરણ છે. અભયદેવસૂરિ 'જયન્તવિજય' (ઈ.૧૨૨૧) માં રાજા જયન્તની જનશ્રુતિ ૧૯ સર્ગમાં આપે છે. પાટણનાં મંત્રી વસ્તુપાળના (ઈ. ૧૨૨૧- ૪૨) 'નરનારાયણાનન્દ' માં ૧૬ સર્ગમાં વિષય કૃષ્ણ અને અર્જુનની મિત્રતાનો છે. આ લેખકની પશ્ચિમ ભારતીય તીર્થયાત્રાનું વર્ણન ઉદયપ્રભસૂરિના 'ધર્માભ્યુદય' (ઈ. ૧૨૪૩) માં છે. આ મંત્રીવર્યનું ચરિત્ર બાલચન્દ્ર સૂરિ (ઈ. ૧૨૪૪) ના ૧૪ સર્ગ ધરાવતા 'વસંત વિલાસ' માં છે. દેવપ્રભસૂરિ મલધારીના (ઈ. ૧૩ મી સદીનો મધ્ય) ૧૮ સર્ગના 'પાંડવચરિત'માં પાંડવોની કથા છે. ધર્મકુમારના 'શાલિભદ્ર ચરિત' (ઈ. ૧૨૭૭) માં ૭ સર્ગ છે. ખંભાતનાં જયશેખરસૂરિના ' જૈન કુમાર સંભવ ' (ઈ. ૧૩૦૪)ના ૧૧ સર્ગમાં કાલિદાસ કાવ્યનું અનુકરણ છે. વિષય ઋષભદેવના પુત્ર ભરતજીના જન્મનો છે. સંપાદક વિક્રમવિજયજીનો અભિપ્રાય છે કે આ કાવ્ય વિદ્વાનોને અપૂર્વ આનંદ આપે તેવું છે. ચરિત્રસુંદર ગણિના ' મહિપાલચરિત્ર ' (ઈ. ૧૫મી સદીનો મધ્ય)માં ૧૪ સર્ગ છે. મેઘવિજય ગણિના ' દેવનન્દાભ્યુદય ' (ઈ. ૧૬૭૧) માં ૭ સર્ગમાં વિજયદેવસૂરિનું જીવન છે.



પ્રા. ડૉ. આર. પી. મહેતા

જૈન સ્તોત્રકારોએ પ્રાચીન કાળથી જ પોતાનાં સ્તોત્ર દ્વારા અન્ય સંપ્રદાયોના કવિઓની સ્પર્ધામાં ઊભા રહેવા પ્રયત્ન કર્યો છે. આચાર્ય સમન્તભદ્રનાં (ઈ. ૨ જી સદી) ' સ્વયંભૂસ્તોત્ર ' અને ' જિનસ્તુતિશતક ' માં મર્મસ્પર્શી પદરચના દ્વારા કવિએ કુશળતા દર્શાવી છે. વિદ્યાનન્દ પાત્ર કેશરી (ઈ. ૬ઠ્ઠી સદી)ના ૫૦ શ્લોકના ' પાત્રકેશરી સ્તોત્ર ' માં ભગવાન મહાવીરની સ્તુતિ છે. સિદ્ધસેન દિવાકરનું ૪૪ પદ્ય ધરાવતું ' કલ્યાણમંદિર સ્તોત્ર ' (ઈ.૬૭૬) સર્વાધિક લોકપ્રિય પ્રાચીન જૈન સ્તોત્ર છે. આ સ્તોત્રને કારણે શિવપ્રતિમા તીર્થંકર પ્રતિમામાં રૂપાન્તરિત થઈ હતી, તેવી જન શ્રુતિ છે. આચાર્ય માનતુંગ (ઈ. ૭ મી સદી)નું ' ભક્તામર સ્તોત્ર ' છે. તેના વિષે શ્રી જીવણચંદ સાંકળચંદ ઝવેરીનો અભિપ્રાય છે કે બંને સંપ્રદાયોને અતિમાન્ય હોવાથી આના ઉપર અનેક ટીકાઓ ઉપલબ્ધ છે. પંચાલના ક્ષત્રિય બપ્પભટ્ટિ (ઈ. ૭૪૪ - ૮૩૪ ) નું ચતુર્વિંશતિકા ૯૬ પદ્યનું યમકથી અલંકૃત કાવ્ય છે. શ્રી શોભન મુનિ (ઈ. ૧૦૪૫ - ૧૧૪૪) ના ' સ્તુતિકચતુર્વિંશતિકા ' નો ડૉ. યાકોબીએ જર્મનમાં અનુવાદ કર્યો છે. આચાર્ય હેમચન્દ્રના ' વીતરાગ સ્તોત્ર ' અને ' દ્વાત્રિંશિકા ' ઓ વિષે શ્રી આનન્દશંકર ધ્રૂવ નો અભિપ્રાય છે કે આમાં ભક્તિ અને ચિંતનના સુભગ સમન્વયને એવી પ્રસન્નમધુર શૈલીમાં અભિવ્યક્તિ છે કે રચના માત્ર આધ્યાત્મિક જ નહિ, એક ઉત્તમ સાહિત્યકૃતિ પણ બની રહે, સિદ્ધરાજના અંધ સભાકવિ શ્રીપાલ (ઈ.૧૧૨૫)ના ૨૯ શ્લોકમાં 'ચતુર્વિંશતિજિન સ્તુતિ ' છે. પં. શ્રી મેરુવિજય ગણિ (ઈ. ૧૭ મી સદીનો પૂર્વાધ) એ પણ ' ચતુર્વિંશતિ જિનાનન્દ સ્તુતિ ' ની રચના કરી છે.

'મેઘદૂત' ની જેવાં સાતેક જૈન સંદેશ કાવ્યો રચાયાં છે. કાઠિયાવાડ - ગુજરાતના સાંગણ પુત્ર વિક્રમે 'નેમિદૂત' (ઈ. ૧૨૭૦) ની રચના કરી છે. ડૉ. રામ કુમાર આચાર્યની નોંધ છે કે બીજાં સંદેશ કાવ્ય કરતાં આમાં સૌથી વધુ પ્રસાદ ગુણ છે. અને એ સર્જક ની સહૃદયતાનું પરિચાયક છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચમ્પૂકાવ્યો જૈન પુરાણ પર આશ્રિત છે. સોમદેવસૂરિ એ 'યશસ્તિલકચંપૂ' (ઈ. ૯૫૯ ) ની રચના કરી છે. આઠ આભાસોમાં રાજા યશોધરની કથા ધરાવતું આ કાવ્ય સંસ્કૃત ચંપૂકાવ્યો માં સર્વાધિક પ્રસિદ્ધ છે ; તેવો શ્રી એન. કે. દેવરાજનો અભિપ્રાય છે. હરિચન્દ્રે 'જીવન્ધર ચંપૂ' (ઈ. ૧૧ મી સદી) માં ૧૧ લંભમાં રાજકુમાર જીવન્ધરનું ચરિત્ર આપ્યું છે. ધાર્મિક ભાવનાઓની આમાં કવિત્વપૂર્ણ અભિવ્યક્તિ છે.

જૈન પ્રબંધોની બે વિશિષ્ટતા શ્રી સુશીલકુમાર દે ગણાવે છે : રસપ્રદ વસ્તુ વિષય અને વાંચવી ગમે તેવી શૈલી આ પ્રબંધોમાં બે મુખ્ય છેઃ મેરુતુંગનું ' પ્રબંધચિન્તામણિ ' (ઈ ૧૩૦૫) અને રાજશેખર સૂરિનું ' પ્રબન્ધ કોશ ' (ઈ. ૧૩૪૮). પહેલા વિષે શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીનો અને પછીના વિષે શ્રી હરસિદ્ધભાઈ દિવેટિયાનો અભિપ્રાય છે કે ગુજરાતના ઈતિહાસની સાધન સામગ્રીની દ્રષ્ટિએ આનું મૂલ્ય છે.

સંસ્કૃત નાટકના વિકાસમાં જૈન સર્જકોનો ફાળો છે. યશશ્ચન્દ્ર (ઈ. ૧૦૯૪ - ૧૧૪૨) નું ' મુદ્રિત કુમુદચન્દ્ર પ્રકરણ ' સિદ્ધરાજની સભામાંની ઘટના સાથે સંકળાયેલું છે. આચાર્ય હેમચન્દ્રના શિષ્ય દેવચન્દ્ર નું ' ચન્દ્રલેખાવિજય ' (ઈ. ૧૧૫૧) કુમારપાળના વિવાહ સાથે સંકળાયેલું છે. એમના બીજા શિષ્ય રામચન્દ્રનું (ઈ. ૧૨ મી સદીનો ઉત્તરાધં) નાટક ' સત્ય હરિશ્ચન્દ્ર ' છે. છ અંકના આ નાટકમાં પ્રસંગો - પરિસ્થિતિનું સુરેખ આલેખન અને ઝડપી કાર્યવેગ છે. થરાદના રાજ્યપાલ યશઃપાલનું 'મોહ રાજ્યપરાજ્ય' (ઈ. ૧૧૭૪) પાંચ અંકનું અર્ધરૂપકાત્મક નાટક છે. વિષય કુમારપાળની જૈન દીક્ષા અને સુધારાનો છે. શ્રી અંબાલાલ પ્રેમચન્દ શાહની નોંધ યથાર્થ છે કે ગુજરાતના ૧૨ મી સદીના સામાજિક જીવનની ઐતિહાસિક બાબતો માટે આનું મહત્ત્વ છે. જાલોરનાં રામભદ્ર મુનિએ 'પ્રબુદ્ધરૌહિણેય' (ઈ. ૧૧૮૪) ની રચના કરી છે. મહાવીરના પ્રભાવ નીચે ડાકુ રૌહિણેયના હૃદય પરિવર્તનની કથા ધરાવતું છ અંકનું આ નાટક જૈનત્ત્વની ઉત્તમતાને કલાત્મક રીતે પ્રકટ કરે છે. ખંભાતના જયસિંહસૂરિએ પંચાકી નાટક 'હમ્મીરમદ મર્દન' (ઈ. ૧૨૩૦)ની રચના કરી છે. સમકાલીન વસ્તુ વિષય અને ઐતિહાસિક નિરૂપણના ઉપક્રમને કારણે નાટક વિશેષ મહત્ત્વનું છે ; તેવો શ્યામ શર્માનો મત છે, તે સ્વીકાર્ય છે.

સંસ્કૃત સાહિત્યનાં વિવિધ સ્વરૂપો - મહાકાવ્ય, સ્તોત્રકાવ્ય, સંદેશકાવ્ય, ચંપૂકાવ્ય, પ્રબંધ અને નાટ્ય - માં જૈન સર્જકોએ પોતાની રચનાઓ આપી છે. આ પ્રદાન એટલું મૂલ્યવાન છે કે એનાથી જૈન વાઙ્મયને ભારતીય સાહિત્યમાં વિશિષ્ટ, ગૌરવાસ્પદ તેમ જ માનનીય સ્થાન પ્રાપ્ત થયું છે.

---

## સંદર્ભ ગ્રન્થ


कापडिया ( प्रा.) हीरालाल रसिकदास – प्रबन्धकोश
परीख रसिकंलाल सी. – काव्यानुशासन, २
मुनि विक्रमविजयजी – जैन कुमार संभव महाकाव्यम्
शास्री दुर्गाशंकर केवलराम – प्रबंन्ध चिन्तामणि
Dr. S. K. A history of Sanskrit Literature vol. 1.
Keith A Berridale - A history of Sanskrit Literature
Krishnaamachariar M. - History of Classical Sanskrit Literature
आचार्य ( डा.) रामकुमार - संस्कृतके संन्देशकाव्य
उपाध्याय ( आचार्य ) बलदेव - संस्कृत साहित्य का इतिहास
त्रिपाठी ( डा.) छविनाथ - चम्पू काव्य का आलोचनात्मक एवं ऐतिहासिक अध्ययन
महामहोपाध्याय विनय सागर - नेमिदूतम्
मुसलगाँवकर ( डा.) केशव राव - संस्कृत महाकाव्य की परंपरा
मुसलगाँवकर ( डा.) वि. भा. - आचार्य हेमचन्द्र
शर्मा ( डा.) श्याम - संस्कृत के ऐतिहासिक नाटक
शास्त्री ( पं.) कैलाश चन्द्र - उपासकाध्ययन
शास्त्री सुन्दर लाल - यशस्तिल्कचम्पू, उत्तरखण्ड
કાપડિયા ( પ્રા.) હીરાલાલ રસિકદાસ - કાવ્યસંગ્રહ
" - ચતુર્વિશતિકા
" - ચતુર્વિંશતિજિનાનન્દ સ્તુતિ
" - સ્તુતિચતુર્વિંશતિકા
નાન્દી ( ડૉ.) તપસ્વી – સંસ્કૃત નાટકોનો પરિચય
પરિખ રસિકલાલ છો. - ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, સોલંકી કાલ
પ્રજાપતિ ( પ્રો. ડૉ.) મણિભાઈ ઈ. – સંસ્કૃત સ્તોત્ર કાવ્ય
સંઘવી ( અ.) સુખલાલ – સન્મતિપ્રકરણ


---

### મધુકર-મૌક્તિક

*કોઈ પણ જીવને કષ્ટ ન ઉપજો, દરેક સુખપૂર્વક જીવનને પસાર કરો, સમૃદ્ધ રહો. અશુદ્ધ અને અશુભ વિચાર, વચન અને વ્યવહારજન્ય પ્રવૃત્તિઓથી નિવૃત્તિ લઈ સમળથી વિમળ અને વિમળથી નિર્મળ બનો. સાધકના પોતાના શબ્દોમાં જ્યાં ભવ છે ત્યાં સમળ અર્થાત્ અશુદ્ધિ. વિમળનું સહજત્વ ભાવપ્રવૃદ્ધિ કરે અને નિર્મળને કહેવાય સ્વભાવ. જેની પાછળ નથી નીચનો ભેદ, અથવા નથી ઉંચનું આધિપત્ય ! સર્વત્ર સ્વતંત્રતા છે.*

**– જૈનાચાર્ય શ્રીમદ્ જયન્તસેનસૂરિ 'મધુકર'**




Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org